# અગત્યની જાહેરાત

સરકારી આયુર્વેદ કોલેજોમાં વિવિધ વિષયોના લેક્ચરર સિનિયર સ્કેલ(રીડર) વર્ગ- ૧ ની આયોગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્ર. ૧૭/૨૦૧૭-૧૮ થી જા.ક્ર.૩૦/૨૦૧૭-૧૮ સંદર્ભમાં જગ્યાઓના પ્રમાણમાં ઓછી અરજીઓ મળેલ હોઇ આ જગ્યાઓ માટે પ્રાથમિક કસોટીનું આયોજન ન કરતાં સીધી રુબરુ મુલાકાત યોજવા નિર્ણય કરેલ હોય તેઓને ઓનલાઇન કન્ફર્મ થયેલ અરજીપત્રક્ની નક્લની સાથે નીચે જણાવેલ પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નક્લ તા- <u>૦૬/૦૭/૨૦૧૭</u> સુધીમાં આયોગને મળી જાય તે રીતે મોક્લી આપવા જણાવવામાં આવે છે. આ સમયમર્યાદા બાદ મળેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી.

(૧) ઉમેદવારે ઓનલાઇન કન્ફર્મ થયેલ અરજીપત્રક(બારકોડ વાળું)ની સ્પષ્ટ અને સ્વચ્છ નકલ ડાઉનલોડ કરવાની રહેશે. જેમાં ફોટોગ્રાફ, સહી સહિત વિગતો વંચાય તેવી હોવી જોઇએ. ફોટોગ્રાફ સ્પ્ષ્ટ ન હોય તો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અરજીપત્રક પર લગાવવાનો રહેશે. સહી સ્પષ્ટ ન હોય તો ફરીથી અરજીપત્રક્માં સહી કરવાની રહેશે.

(૨) જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઈ.નું પ્રમાણપત્ર (જન્મ તારીખનો દાખલો કે શાળા છોડયાનું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં)

(૩) જાતિનું પ્રમાણપત્ર (અનુ. જાતિ, અનુ.જનજાતિ, અને સા. અને શૈ. પ. વર્ગના ઉમેદવારો માટે)

(૪) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ (જાહેરાતમાં દર્શાવ્યા મુજબ નિયત સમયગાળાનું ગુજરાતી નમુના મુજબનું પરિશિષ્ટ-ક અરજીપત્રક્માં દર્શાવેલ નંબર અને તારીખનું જ) રજૂ કરવાનું રહેશે. પરિશિષ્ટ-ક ના વિકલ્પે અન્ય કોઈ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહિં. અંગ્રેજીમાં Annexure-A (જે કેન્દ્ર સરકારની ભરતી કે સંસ્થાઓ માટે છે) તે માન્ય રાખવામાં આવશે નહીં.પરણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેઓની માતા-પિતાના આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે નહીં.

(૫) શારીરિક અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સા.વ.વિ.ના તા: ૦૧.૧૨.૨૦૦૮ના પરિપત્ર મુજબનું નિયત નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ / સિવિલ સર્જન /મેડીકલ બોર્ડ દ્વારા આપેલ પ્રમાણપત્ર

(૬) માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડિસ્ચાર્જ બુકની નકલ

(૭) પરિણીત મહિલાઓના કિસ્સામાં લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર/ અટક અથવા નામ બદલાવેલ હોય તો તે અંગેના જાહેરનામાની નકલ

(૮) વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં પુન: લગ્ન ન કર્યા અંગેના સોગંદનામાની નકલ

(૯) વર્ગ-૩ ની જાહેરાત માટે રમતગમતના પ્રમાણપત્ર ( જાહેરાતમાં દર્શાવેલ હોય તે નમૂનામાં )

(૧૦) સ્નાતક (બધાં જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક )

(૧૧) સ્નાતક પદવી પ્રમાણપત્ર

(૧૨) અનુસ્નાતક (બધાં જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક )

(૧૩) અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(૧૪) તબીબી, દંત વિષયકઅનેપશુચિકિત્સા વિષયક જાહેરાતો માટે ઇન્ટર્નશીપ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર(જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(૧૫) જે જાહેરાતમાં કાઉન્સિલનું રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં સંબંધિત કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોય તે

નોંધણી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(૧૬) પી.એચ. ડી. પદવી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(૧૭) નેટ/સ્લેટપ્રમાણપત્ર (જો જાહેરાતનીજોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(૧૮) વિદેશની યુનિવર્સિટીમાંથી પદવી મેળવેલ હોય તો તેની માન્યતા અંગેના પુરાવાની નકલ

(૧૯) જાહેરાતમાંદર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો / પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૨૦) સરકારી કર્મચારીના સંબંધમાં “ના-વાંધા પ્રમાણપત્ર”

(૨૧) અનુભવના પ્રમાણપત્રો (જાહેરાત મુજબ જરૂરી હોય તો ક્રમાનુસાર મેળવેલ અનુભવ, લાગુ પડતા સંવર્ગના કાર્યકાળની શરૂઆતથી પગારની વિગત, ફરજ/કામના પ્રકાર દર્શાવવાના રહેશે.)

(૨૨) સંશોધનપત્રો (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(૨૩) બિનઅનામત ઉમેદવારોએ ભરેલ ફીની ઝેરોક્ષ નકલ

(૨૪) શારીરિક માપ અંગેનું તબીબી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(૨૫) જાહેરાતની જોગવાઈ અનુસંધાનમાં લાગુ પડતા અન્ય આધાર પુરાવા/પ્રમાણપત્રો

**ખાસ સૂચના :-** અરજી સાથે ઉપર દર્શાવેલ પ્રમાણપત્રો પૈકી લાગુ પડતા હોય તેવા જ પ્રમાણપત્રો/પુરાવા સામેલ કરવાના રહેશે અને અચુકપણે તેનો ક્રમ જાળવવાનો રહેશે. લાગુ પડતા ન હોય તેવા પ્રમાણપત્રો/પુરાવા સામેલ કરવાના રહેશે નહીં. અરજી સાથે જોડેલા પ્રમાણપત્રો ઉમેદવારે સ્વયં પ્રમાણિત કરીને મોકલવાના રહેશે.

**નોંધ:** જો આપની પાસે ઓન-લાઇન કન્ફર્મ થયેલ અરજીપત્રક ન હોય તો આયોગની કચેરીમાં રૂબરૂ આવી રોકડા રૂ ૩૦૦/- ભરી ઓન-લાઇન કન્ફર્મ થયેલ અરજીપત્રક મેળવી લેવું.